# BUSINESS મિત્ર

### રૂપિયામાં સુધારો આગળ વધ્યો, શરૂઆતી નબળાઈ બાદ માર્કેટમાં ઉછાળો, આરબીઆઇની બેઠક પર નજર

# શેરબજારમાં જોરદાર રિકવરી: સેન્સેક્સ 74,000 અને નિફ્ટી 22,950ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: વૈશ્વિક સંકેતોની પાછળ આજે ભારતીય શેરબજારની નબળી શરૂઆત થઇ હતી, પણ પાછળથી તેજીનો દોર જોવા મળ્યો હતો અને અંતે મજબૂત બંધ રહેવામાં સફળ થયા હતા. આમ, શરૂઆતી સેન્ટિમેન્ટને મિડ સેશનમાં બદલી નાંખ્યું હતું. જેમાં નિફ્ટી 22950ની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. જોકે, રિબાઉન્ડ હોવા છતાં, આરબીઆઇના આગામી નાણાકીય નીતિના નિર્ણય પહેલા રોકાણકારો સાવચેત રહ્યા હતા. સેક્ટર વાઇઝ જોઇએ તો કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ફાઇનાન્સીયલ સર્વિસીસ અને પીએસયુ બેન્ક શેરમાં ઝડપી સુધારો જોવાયો હતો.

ભારતીય રિઝર્વ બેન્કની મોનટરીંગ પોલિસી કમિટીની આજથી ત્રણ દિવસીય ચર્ચા શરૂ કરી હતી. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે રેપો રેટ 5.25 ટકા પર યથાવત રહેવાની વ્યાપકપણે અપેક્ષા છે.

આર્થિક ડેટા અનુસાર માર્ચ મહિનામાં ભારતના સર્વિસ સેકટરમાં થોડો ઘટાડો જોવાયો હતો, જેમાં એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ એકટીવિટી ઈન્ડેક્સ 58.1થી ઘટીને 57.5નો થયો હતો.

બીએસઇ સેન્સેક્સ 787.30 પોઈન્ટ એટલે કે 1.07 ટકા વધીને 74000 પોઈન્ટની સપાટી કુદાવીને 74106.85 પોઈન્ટનાસ સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74200 પોઈન્ટની સપાટી કુદાવીને 74207 પોઈન્ટની સપાટી સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72728 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 255.15 પોઈન્ટ એટલે કે 1.12 ટકા ઉછળઈને 22950 પોઈન્ટની સપાટી કુદાવીને 22968.25 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23000 પોઈન્ટની સપાટી નજીક સરકી હતી. જે 22998 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 22542 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1060.35 પોઈન્ટ એટલે કે 2.06 ટકા ઉછળીને 52609.10 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે અદાણી ગ્રીનમાં 23.18 ગણા, ઝાયડસ વેલનેસમાં 17.15 ગણા, 360 વન વામ લિ.માં 12.71 ગણા, આરબીએલ બેન્કમાં 4.1 ગણા અને એજીસ લોજીસ્ટીકમાં 3.42 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઈઆઈએચ લિ.માં 47.68 ઘણા, ઝાયડસ વેલનેસમાં 44.41 ગણા, સુપ્રીમ પેટ્રોકેમમાં 7.16 ગણા અને ન્યુલેન્ડ લેબમાં 3.82 ગણા અને આરબીએલ બેન્કમાં 3.78 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂતાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.30 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.10 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના પગલે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યો હતો. બીએસઇ ખાતે 3204 શેરો ઉછળ્યા હતા, જ્યારે 1152 શેરો ઘટ્યા હતા અને 197 શેરો યથાવત રહ્યા હતા.

કન્ઝ્યુમર ડ્યુરેબલમાં સુધારો જવાયો હતો. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ 2.60 ટકા વધ્યા હતા. જેમાં કલ્યામ જવેલર્સ, એલજી ઈલેકટ્રોનિક્સ, ટાઈટન કંપની, હેવેલ્સ ઈન્ડિયા, બ્લુસ્ટાર, અંબર એન્ટરપ્રાઈઝ, બાટા ઈન્ડિયા, ક્રોમ્પ્ટોન ગ્રીવ્સ, જકારીયા સીરામીકસ અને વોલ્ટાસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે આજે ઈસ્ટરના લીધે યુરોપિયન બજારો બંધ રહ્યા હતા. જાપાન અને દક્ષિણ કોરિયાના શેરબજારોમાં સુધારો જોવાયો હતો, જ્યારે મોટા ભાગના એશિયન બજારો રજાઓ માટે બંધ હતા, કારણ કે રોકાણકારોએ સપ્તાહના અંતમાં મધ્ય પુર્વના સંઘર્ષમાં નવીનતમ વિકાસનું પદચ્છેદન કર્યુ હતું. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ઈરાનના પાવર પ્લાન્ટસ અને નાગરિક માળખા પર હુમલો કરવાની ધમકીઓ આપી હતી, જો તેહરાન હોર્મુઝની સામુદ્રધુનીને સંપુર્ણ રીતે ફરીથી ખોલવામાં નિષ્ફળ જશે. 48 કલાકના સમયગાળા બાદ દણાવમાં વધારો થવાની ભીતિ છે. એશિયન બજારોમાં નીક્કી 0.54 ટકા, સ્ટ્રેઈટસ 0.50 ટકા અને કોસ્પી 1.34 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.53 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રિઝર્વ બેન્કની એમપીસીની બેઠક શરૂ, રૂપિયો વધુ સુધર્યો

અમદાવાદ, તા. 6: આજથી ભારતીય રિઝર્વ બેન્કની મોનીટરીંગ પોલિસીની બેઠક શરૂ થઇ છે, ગત સપ્તાહમાં આરબીઆઇની દરમ્યાનગીરીના લીધે રૂપિયામાં સુધારાની ચાલ જોવા મળી છે, જે આજે સુધારો થયો હતો, પણ આ સુધારો ધીમો પડ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 5 પૈસા સુધરીને 93.06ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.11ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.96, પાઉન્ડ 124.08, કેનેડિયન ડોલર 66.94, ઓસ્ટ્રેલિયન ડોલર 64.21, જાપાનીઝ યેન 0.5836 અને સીંગાપોર ડોલર 72.70ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 93.06 રૂ. |
| યુરો | 106.96 રૂ. |
| પાઉન્ડ | 124.08 રૂ. |
| યેન | 0.5836 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 787.30 | 74106.85 |
| નિફ્ટી | 255.15 | 22968.25 |
| બેન્ક નિફ્ટી | 1060.35 | 52609.10 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 7.97 | 3833.60 |
| શ્રીરામ ફાઇનાન્સ | 4.08 | 928.00 |
| એકસીસ બેન્ક | 3.96 | 1245.30 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 3.71 | 1902.20 |
| ટાઇટન કંપની | 3.63 | 4246.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 3.39 | 1304.70 |
| ઓએનજીસી | 1.86 | 281.85 |
| મેક્સ હેલ્થકેર | 1.38 | 931.60 |
| આઇસર મોટર્સ | 0.80 | 6596.00 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 0.67 | 1133.60 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 7.89 | 3833.70 |
| એકસીસ બેન્ક | 3.94 | 1245.35 |
| ટાઇટન કંપની | 3.58 | 4244.40 |
| લાર્સન-ટુબ્રો | 3.19 | 3729.85 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 3.06 | 10951.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ | 3.41 | 1304.75 |
| સન ફાર્મા | 0.03 | 1694.20 |

# ઓપેક પ્લસના દેશો મે મહિનાથી ક્રુડ ઓઈલનું ઉત્પાદન વધારશે

**સાઉદી** અને રશિયા સંયુક્ત રીતે 60%થી વધુ હિસ્સો ઓનલોડ કરશે; વૈશ્વિક બજારમાં સપ્લાય વધશે

નવી દિલ્હી, તા. 6. ઓપેક પ્લસ દેશોએ મે-2026થી ક્રુડ ઓઈલનું ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો છે, જેમાં સાઉદી અરેબિયા અને રશિયાનો હિસ્સો 60 ટકાથી વધુ છે. ગઈકાલે ઓપેક પ્લસની એક વર્ચ્યુઅલ બેઠખ મળી હતી, જેમાં ક્રુડ ઓઈલના ઉત્પાદન વધારવાનો વ્યૂહાત્મક નિર્ણય લીધો હતો.

આ વર્ચ્યુઅલ બેઠક બાદ આ દેશોએ દરરોજ કુલ 2.06 લાખ બેરલના ઉત્પાદનમાં વધારો કરવાની જાહેરાત કરી છે. જેનું નેતૃત્વ સાઉદી અરેબિયા અને રશિયા કરશે, જે આ વધારાના ઉત્પાદનના 60 ટકાથી વધુ ઓફલોડ કરશે. આ નિર્ણય વર્તમાન વૈશ્વિક બજારની પરિસ્થિતિઓ અને ભવિષ્યની ઉર્જા માગને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

ઓપેક પ્લસ દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી અનુસાર, આ વધારો ભૂતકાળમાં લાગુ કરવામાં આવેલા સ્વૈચ્છિક ઘટાડામાં ધીમે ધીમે પરત ખેંચવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે, એપ્રિલ 2023માં જાહેર કરાયેલ 1.65 મિલિયન બેરલ પ્રતિ દિવસનો વધારાનો સ્વૈચ્છિક ઉત્પાદન કાપ હવે બજારમાં પાછો લાવવામાં આવી રહ્યો છે. બદલાતી બજારની પરિસ્થિતિઓના આધારે ક્રમિક રીતે ઉપાડ કરવામાં આવશે.

આ નવી નીતિ હેઠળ, વિવિધ દેશોના મે 2026 માટેના નવા ઉત્પાદન લક્ષ્યો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં સાઉદી અરેબિયા અને રશિયા આબે મોટા દેશો સૌથી વધુ 62 કેબીડીની વૃદ્ધિ કરશે. આ પછી સાઉદી અરેબિયાના મે માટે 10228 કેબીડી અને રશિયાના 9699 કેબીડીના જરૂરી ઉત્પાદન લક્ષ્યાંક હશે. ઈરાકતેના ઉત્પાદનમાં 26 કેબીડી વધારો કરશે, જે તેનું લક્ષ્ય 4326 કેબીડી સુધી લાવશે. તે જ સમયે, યુએઇ 3447 કેબીડીનું ઉત્પાદન કરશે, જે 18 કેબીડીનો વધારો છે.

કુવૈત 16 કેબીડી વધશે, જે તેનું નવું લક્ષ્ય 2612 કેબીડી સુધી લાવશે. ઉત્પાદનના આંકડાઓથી આગળ વધીને, આ આઠ ઓપેક પ્લસ દેશોએ આંતરરાષ્ટ્રીય ઊર્જા પુરવઠા શ્રૃંખલાઓ અને દરિયાઇ શિપિંગ માર્ગોની સુરક્ષા પર પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. ઊર્જા માળખા પરના તાજેતરના હુમલાના સંદર્ભમાં, જૂથે સ્પષ્ટતા કરી હતી કે ક્ષતિગ્રસ્ત ઊર્જા અસ્કયામતોને સંપૂર્ણ ક્ષમતામાં પુનઃસ્થાપિત કરવું એ અત્યંત ખર્ચાળ અને સમય માંગી લેતું કાર્ય છે. આની સીધી અસર એકંદર પુરવઠાની ઉપલબ્ધતા અને વૈશ્વિક બજાર પર પડે છે. જૂથે

તેના નિવેદનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલા અથવા આંતરરાષ્ટ્રીય દરિયાઇ માર્ગોના કોઇપણ વિક્ષેપથી બજારની અસ્થિરતામાં વધારો થાય છે.

સાઉદી અરેબિયા, રશિયા અને અન્ય ભાગીદાર દેશોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ બજારની સ્થિતિનું નજીકથી મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખશે. બજારમાં સ્થિરતા જાળવવાના તેમના સતત પ્રયત્નોના ભાગરૂપે, તેઓએ સાવચેતીભર્યો અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ દેશો 2024ની શરૂઆતથી રેકોર્ડ કરાયેલા કોઈપણ વધારાના ઉત્પાદન માટે ઉત્પાદન શિસ્ત અને વળતર પર નજર રાખવા માટે નિયમિત માસિક બેઠકો યોજશે. વૈશ્વિક ઊર્જા બજાર માટે આગામી મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક 3 મે, 2026ના રોજ યોજાવાની છે.

## વીજળીના વેપારમાં 141 અબજ યુનિટનો ઓલ-ટાઈમ રેકોર્ડ

નવી દિલ્હી, તા. 6. વીજળી ખરીદવા અને વેચવા માટેના પ્લેટફોર્મઆઈઈએક્સ પર વીજળીનો વેપાર નાણાકીય વર્ષ 2025-26માં વાર્ષિક ધોરણે 17 ટકા વધ્યો હતો. આ આંકડો રેકોર્ડ 141 અબજ યુનિટ નોંધાવ્યો હતો. આનું મુખ્ય કારણ રીઅલ ટાઈમ ઈલેક્ટ્રિસિટી માર્કેટનું સારૂ પ્રદર્શન હતું. આ અપડેટ બહાર આવ્યા પછી, આઈઈએક્સના શેરમાં આજે 6 ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો. બીએસઈ પર 126 રૂપિયા પર બંધ થયો હતો.

જાન્યુઆરી-માર્ચ 2026 ક્વાર્ટરમાં, આઈઈએક્સ પર વીજળીનો વેપાર 39.4 અબજ યુનિટ હતો. એક જ ક્વાર્ટરમાં એક્સચેન્જ દ્વારા આ અત્યાર સુધીનું સૌથી વધુ ટર્નઓવર છે. જે વાર્ષિક ધોરણે 24.3 ટકા વધારે છે. ક્વાર્ટર દરમિયાન 71.70 લાખ રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેટનો ટ્રેડિંગ થયો હતો, જે વાર્ષિક ધોરણે 6.1 ટકા વધ્યો હતો.

માર્ચ 2026 ક્વાર્ટર દરમિયાન આરટીએમ સેગમેન્ટમાં 14.30 અબજ યુનિટ્સનો આંકડો નોંધાયો હતો, જે એક વર્ષ પહેલા 9.65 અબજ યુનિટ હતો.

આ વર્ષે માર્ચમાં, આઈઈએક્સ પર વીજળીનો વેપાર એક મહિનામાં અત્યાર સુધીનો સૌથી વધુ હતો. આ આંકડો વાર્ષિક ધોરણે 23.5 ટકા વધીને 13.90 અબજ યુનિટ હતો.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૦૦૦ |
| તેજાબી સોનું | ૧૫૨૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૩૫૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૯૯૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૧૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૬૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

# યુદ્ધથી પુરવઠો પ્રભાવિત છતાં દરરોજ 50 લાખ સિલિન્ડરની ડિલીવરી

નવી દિલ્હી, તા. 6. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે ભૌગોલિક રાજકીય તણાવ અને 35 દિવસથી વધુ સમયથી ચાલી રહેલા સંકટ વચ્ચે ભારત સરકારે દેશના ગ્રાહકોને એનર્જી સિક્યોરિટી અંગે ખાતરી આપી છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ સ્પષ્ટ કર્યું છે કે આ ક્ષેત્રમાંથી ભારતના એલપીજી સપ્લાયને અસર થઈ હોવા છતાં સપ્લાય ચેઈનને તૂટવા દેવામાં આવી નથી. તેમના જણાવ્યા અનુસાર, વર્તમાન પ્રતિકૂળ સંજોગોમાં પણ ભારતભરમાં દરરોજ લગભગ 50 લાખ એલપીજી સિલિન્ડરની અવિરત ડિલિવરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આજે 35 દિવસથી વધુ સમય થઇ ગયો છે. તેમણે કહ્યું કે, અમારી એલપીજીની જરૂરિયાતનો મોટો ભાગ પશ્ચિમ એશિયાથી આવે છે, તેથી તેનાથી સપ્લાયને અસર થઈ છે, જોકે ભારત સરકારે એ સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કર્યા છે કે કોઇ પણ ગ્રાહકને પેટ્રોલિયમ પેદાશોની સમસ્યાનો સામનો કરવો ન પડે. કોઈપણ વિતરક પાસે એલપીજી ડ્રાઈઆઉટના કોઈ સમાચાર નથી.

દરરોજ 50 લાખ સિલિન્ડર પહોંચાડવામાં આવી રહ્યા છે, છેલ્લા પાંચ અઠવાડિયામાં લગભગ 18 કરોડ ઘરોમાં એલપીજી સિલિન્ડર પહોંચાડવામાં આવ્યા છે. ઓનલાઈ બુકીંગ 97 ટકા છે. તેમણે કહ્યું કે, કાળાબજારને રોકાવા મટે ડિલીવરી પ્રમાણીકરણની વ્યવસ્થા કરવામાં આવી છે. યુએસ જેવા દેશોમાંથી આયાત અવિરત ચાલુ છે, જે મુખ્યત્વે વ્યાવસાયિક વિચારણાઓ દ્વારા સંચાલિત છે. ફર્ટીલાઈઝર પ્લાન્ટને ગેસનો પુરવઠો વધારીને 90 ટકા કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં માગ સરળ રહે, સિટી ગેસ વિતરકોને 10 ટકાનો વધારાનો ગેસ ફાળવવામાં આવી રહ્યો છે. જ્યારે ખાદ્ય ચીજવસ્તુઓ સંદભર્માં તેમણે કહ્યું કે, વૈશઅવિક પુરવઠાની કટોકટી વચ્ચે ભારતની ખાદ્ય સુરક્ષા પણ ખુબ જ મજબૂત સ્થિતિમાં છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સંયુક્ત સચિવ સી શીખાના જણાવ્યા અનુસાર ઘઉં અને ચોખાનો પુરતો બફર સ્ટોક છે, જે નિર્ધારિત ધોરણો કરતા ત્રણ ગણો છે.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

# એક પાઈલોટને બચાવવા માટે અમેરિકાએ કરોડો ડોલરનું નુકસાન કેમ વહોરી લીધું?




**યુદ્ધ પોઈન્ટ ■ સંજય વોરા ■**

અમેરિકા દ્વારા દાવો કરવામાં આવતો હતો કે તેણે ઈરાનના વાયુદળને સંપૂર્ણપણે ખતમ કર્યું છે. આ દાવાને ખોટો પુરવાર કરતાં ઈરાને અમેરિકાનાં અદ્યતન F-15E ફાઈટર જેટને ફૂંકી મારીને અમેરિકાનું નાક કાપ્યું છે. હકીકતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં પહેલી વખત અજેય ગણાતા અમેરિકાના ફાઇટર જેટને તોડી પાડવામાં આવ્યું છે. ઈરાનના સૈન્ય દ્વારા ખભા ઉપર ઉપાડી શકાય તેવાં મિસાઈલ વડે આ ફાઈટર જેટ તોડી પાડવામાં આવ્યું છે. આ ફાઈટર જેટના બે પાઈલોટો પૈકી એક બચી ગયો હતો, પણ બીજો ઈરાનના પહાડો વચ્ચે રઝળી પડ્યો હતો. જો આ બીજો પાઈલોટ ઈરાનના હાથમાં આવી જાય તો તેને જીવતો રાખવા માટે ઈરાન દ્વારા જબરદસ્ત સોદાબાજી કરવા ઉપરાંત તેની પાસેથી અમેરિકાના સૈન્યની સંવેદનશીલ માહિતી કઢાવી શકે તેવો ભય હતો. આ કારણે અમેરિકા દ્વારા રઝળી પડેલા પાઈલોટને બચાવવા માટે દિલધડક મિશન હાથ ધરવામાં આવ્યું હતું. આ મિશન બાહ્ય રીતે સફળ થયું હતું. પણ એક પાઈલોટને બચાવવા માટે અમેરિકાએ તેનાં વાયુદળનાં બે વધુ વિમાનો અને એક હેલિકોપ્ટર કુરબાન કરી દેવાં પડ્યાં હતાં.

બે ક્રૂ સભ્યો સાથેનું અમેરિકાનું એક F-15E ફાઇટર જેટ ૩ એપ્રિલે ઈરાન ઉપર IRGC દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. પાઇલોટ અને ગનર બચી ગયા હતા. પરંતુ તેમને ઈરાનની જમીનમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી. પાઇલોટને કલાકોમાં બચાવી લેવામાં આવ્યો હતો, પણ ગનરની શોધમાં અમેરિકન દળો દ્વારા ક્યારેય ન જોયેલું ભૂમિ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઈરાનના શાસન સાથે જોડાયેલા ટી.વી.એ અમેરિકન પાઈલોટ પર ઈનામ જાહેર કર્યું હોવાથી ઈરાની સૈનિકોએ તેની શોધખોળ શરૂ કરી હતી. ઘાયલ પાઈલોટ લગભગ બે દિવસ સુધી ખડકાળ પર્વતોમાં છુપાઈ રહ્યો હતો. અમેરિકાના સ્પેશ્યલ ફોર્સ, સીઆઈએ, ડ્રોન, ટ્રાન્સપોર્ટ પ્લેન અને હેલિકોપ્ટરને મિશનમાં ઉતારવા પડ્યાં હતાં. તેમાંથી કેટલાંક વિમાનોને પાછળથી ઈરાનની ભૂમિ પર જ અમેરિકા દ્વારા ઉડાવી દેવામાં આવ્યાં હતાં, જેથી તેઓ દુશ્મનના હાથમાં ન જાય.

આ નાટક ૩ એપ્રિલના રોજ વહેલી સવારે શરૂ થયું, જ્યારે એક અમેરિકન F-15E સ્ટ્રાઈક ઈગલને ઈરાન ઉપર ગોળી મારી દેવામાં આવી હતી. પાઈલોટ દૂરના પર્વતીય વિસ્તારમાં ઊતર્યો અને લગભગ ૪૮ કલાક સુધી ગુમ રહ્યો હતો. ઈરાની દળોએ અને સ્થાનિક લશ્કરે તરત જ તેમની શોધ શરૂ કરી હતી. ઈરાને સ્થાનિક લોકોને ગુમ થયેલા અમેરિકનને શોધવામાં મદદ કરવા પણ વિનંતી કરી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલો આ પાઈલોટ ઈરાનના ઝાગ્રોસ પર્વતોમાં છુપાઈ ગયો હતો. કલાકો સુધી તે ઓળખ ન થાય તે માટે કાળજીપૂર્વક આગળ વધતો રહ્યો હતો. પાઈલોટને બચાવવા માટે મોટા પાયે કામગીરીની જરૂર હતી. તેમાં અમેરિકાના સ્પેશ્યલ ફોર્સ, ડ્રોન, હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને એલિટ યુનિટો બધાં જ સામેલ હતાં. ૨૦૦ થી વધુ અમેરિકન કમાન્ડોએ તેમાં ભાગ લીધો હતો. તેમને ઈરાનની જમીન પર ઊતારવા માટે ઈરાની સૈન્ય દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી જૂની હવાઈ પટ્ટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અમેરિકાએ ઈરાની દળોને ગેરમાર્ગે દોરવા માટે ગુપ્તચર ટીમો અને CIA ની છેતરપિંડીની યુક્તિઓનો પણ ઉપયોગ કર્યો હતો. ખોટા અહેવાલો ફેલાવવામાં આવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાઈલોટને પહેલાંથી જ બચાવી લેવામાં આવ્યો છે. ઈરાની શોધ ટીમોને F-15E પાઈલોટના વાસ્તવિક સ્થાનથી દૂર કરવા માટે ખોટા સંકેતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ખાસ દળોની ટીમો આખરે પહાડોમાં ઘાયલ અધિકારી સુધી પહોંચી, પરંતુ તેને શોધી કાઢ્યા પછી પણ મિશન લગભગ નિષ્ફળ ગયું હતું. કેટલાંક પરિવહન વિમાનો અને હેલિકોપ્ટર ભંગાર જેવી કામચલાઉ હવાઈ પટ્ટી છોડી શક્યાં નહીં. યાંત્રિક સમસ્યાઓ, ઉબડખાબડ ભૂપ્રદેશ અને દુશ્મનના ગોળીબારના જોખમને કારણે ટેકઓફ ખૂબ જોખમી બન્યું હતું. ત્યાર બાદ અમેરિકન કમાન્ડરોએ એક કડક નિર્ણય લીધો. તેમણે સંવેદનશીલ સાધનો કબજે થવાનું જોખમ લેવાને બદલે ઈરાનની અંદર પોતાનાં કેટલાંક વિમાનોનો નાશ કર્યો હતો. ઓનલાઈન ફરતા ફોટોમાં નાશ પામેલા MC-130 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને MH-6 લિટલ બર્ડ હેલિકોપ્ટરનો કાટમાળ દેખાય છે. F-15E ને તોડી પાડવું એ પોતે જ એક મોટું નુકસાન હતું. F-15E ની કિંમત ૧૦ કરોડ ડોલર સુધી હોઈ શકે છે. આ ઉપરાંત ઓપરેશન દરમિયાન ઉપયોગમાં લેવાતાં પરિવહન વિમાન, હેલિકોપ્ટર, ડ્રોન, બળતણ, દારૂગોળો અને હવાઈ સહાય ઉમેરો, જેનો અમેરિકન સૈનિકોએ નાશ કર્યો હતો. આ ખર્ચ કરોડો ડોલરમાં પહોંચે છે. બચાવ અભિયાન દરમિયાન કોઈ અમેરિકન સૈનિકનું મોત થયું ન હતું, પરંતુ આ કામગીરીમાં મોટા પ્રમાણમાં અમેરિકાનાં ફાઈટર તથા પરિવહન વિમાનોનો નાશ થયો હતો. આ યુદ્ધમાં અમેરિકાને પહેલાંથી જ ઘણા અબજો ડોલરોનું નુકસાન થયું છે.

ઈરાન પર સૈન્ય મોકલવા ઉતાવળા થયેલા ડોનાલ્ડ ટ્રમ્પ હવે શું કરશે? તેના પર આખી દુનિયાની નજર છે. જો ટ્રમ્પ જમીન પર સૈનિકો મોકલવાનું નક્કી કરે તો ઈરાનના સૌથી મોટા તેલ નિકાસ કેન્દ્ર, ખાર્ગ ટાપુને વોશિંગ્ટનના સંભવિત લક્ષ્ય તરીકે જોવામાં આવી રહ્યું છે, કારણ કે તેના પર કબજો કરવાથી ઈરાનની અર્થવ્યવસ્થાને ભારે ફટકો પડી શકે છે. એવી ચર્ચા છે કે ટ્રમ્પ સમૃદ્ધ યુરેનિયમ મેળવવા માટે મર્યાદિત ભૂમિ કાર્યવાહીનો વિકલ્પ પસંદ કરી શકે છે. આવાં મિશનમાં સેંકડો કે હજારો કર્મચારીઓ સામેલ થઈ શકે છે અને તેમને નોંધપાત્ર જોખમમાં મૂકી શકે છે.

નિષ્ણાતો ચેતવણી આપે છે કે આવી કામગીરી લોજિસ્ટિકલી જટિલ, લાંબી અને જાનહાનિ થવાની સંભાવના ધરાવતી હશે, જેમાં સફળતાની કોઈ ગેરંટી નથી. F-15E એરમેન માટે શરૂ કરાયેલ બચાવ મિશન દર્શાવે છે કે ઈરાનની અંદર એક નાનું ઓપરેશન પણ કેટલું જોખમી બની શકે છે. પર્વતોમાં છુપાયેલા એક અધિકારીને શોધવા માટે વિશાળ મલ્ટી એજન્સી લશ્કરી પ્રયાસની જરૂર હતી. જ્યારે ભૂપ્રદેશે ખરેખર અમેરિકન એરમેનને ટકી રહેવા અને છુપાયેલા રહેવામાં મદદ કરી હતી, ત્યારે ખાર્ગ ટાપુ પર પરિસ્થિતિ અલગ હશે. ખાર્ગ ટાપુ સપાટ, વધુ ખુલ્લો અને વધુ વસ્તી ધરાવતો છે. તે ઈરાની લશ્કરી સ્થળો, બંદરો અને રસ્તાઓની નજીક પણ છે, જેનું તેહરાનનું IRCG તેની બધી શક્તિથી રક્ષણ કરે છે. જો અમેરિકન સૈનિકો ત્યાં ફસાઈ જાય તો તેઓ કોઈ પર્વતની ટેકરી પર છુપાયેલા નહીં હોય. તેઓ કોઈ રિફાઇનરી સંકુલ, ભૂગર્ભ ગુફા, કોઈ નગર કે શહેરી વિસ્તારમાં ફસાઈ શકે છે, જ્યાં નજીકમાં ભારે ઈરાની સૈનિકો તૈનાત હશે.

તાજેતરના અમેરિકન બચાવ મિશનમાં ફક્ત એક પાઈલોટનો સમાવેશ થતો હતો. ખાર્ગ ટાપુ પર ભૂમિ કાર્યવાહી અથવા સમૃદ્ધ યુરેનિયમ કબજે કરવાના પ્રયાસમાં સેંકડો કે હજારો સૈનિકો સામેલ થઈ શકે છે. જો કંઈક ખોટું થાય, તો અમેરિકા ફક્ત બે વિમાન ગુમાવશે નહીં, પણ હજારો સૈનિકોના જીવ જોખમમાં મૂકાઈ જશે. આવી પરિસ્થિતિમાં લાંબા ગોળીબાર, ભારે જાનહાનિ, નુકસાન પામેલા લશ્કરી હાર્ડવેર અને અબજો ડોલરનાં શસ્ત્રોનો નાશ થઈ શકે છે. પાઈલોટના બચાવથી કદાચ એ સાબિત થયું હશે કે અમેરિકા ઈરાનમાં અંદર સુધી કામગીરી કરી શકે છે, પરંતુ તેનાથી એ પણ ખુલાસો થયો કે તેમાં દુર્ઘટના માટે ખરેખર કેટલી મોટી સંભાવના હતી. એક ઘાયલ પાઈલોટે અમેરિકાને એક પ્રતિકૂળ પ્રદેશમાં એક નાનકડું યુદ્ધ શરૂ કરવા મજબૂર કર્યું હતું. મિશન સફળ થયું, પાઈલોટ જીવતો ઘરે પાછો ફર્યો, પરંતુ આગમાં હોમાઈ ગયેલી કરોડો ડોલરની સંપત્તિ ઈરાનમાં મોટું અમેરિકન ભૂમિ યુદ્ધ કેવું થઈ શકે છે, તેનો સ્પષ્ટ સંકેત હોઈ શકે છે. કદાચ આ વાતનો ખ્યાલ આવતાં ડોનાલ્ડ ટ્રમ્પ બેબાકળા થયા છે અને ગાળાગાળી કરી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ ઓપરેશન દરમિયાન અમેરિકન સૈનિકોએ ઉપયોગમાં લેવાયેલાં પરિવહન વિમાનો, હેલિકોપ્ટર, ડ્રોન, બળતણ, દારૂગોળો અને હવાઈ સાધનોનો નાશ કર્યો હતો**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

મિલ્કત વેચવાની છે

**બારડોલીનાં મધ્યમાં**
વ્યાસ ફળીયામાં (18x110 Sq. Ft.) મકાન વેચવાનું છે. Mo. 9825249900

**કોર્નરનું રોહાઉસ**
વેચવાનું છે. 236 ચો. વાર જગ્યા, ફુલ્લી ફર્નિશ્ડ, બધી સુવિધા ઉપલબ્ધ, મહાલક્ષ્મી મંદિર સામે, આનંદમહેલ રોડ, અડાજણ, સુરત. 9426807658

વ્યવસાયીક ધંધાકીય

**ભગવાનનો દિવો**
આરતી, તુલસીનાં છોડ પાસે દિવો કરવા માટે ગાયનાં ઘીમાં બનાવેલ રૂની તૈયાર દિવેટ મળશે. 7600239072

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં**
અમેરિકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ વૈષ્ણોદેવી Rs: 20999/= Mo- 9825142005 /9427803273

**દર રવિવારે દમણ**
1100/- AC, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયા 9484448329

**સાગર 9427113317,**
એસી બસમાં. વેકેશનમાં મહાબળેશ્વર, શિરડી/ શનિ-રવિ ખાનવેલમાં સેલવાસ દમણ

કિંમત જાણીને ચોંકી જશો!
સચીન પાસે ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો અડધાથી પણ ઓછા ભાવે.
સાઈઝ: 2000થી 2500 વાર
Dhaval Cyclewala 98980 24032

**ઓમશિવ ટ્રાવેલ્સ**
8, 22 એપ્રિલ (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર) 9- એપ્રિલ, અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ, કોલ્હાપુર, પંઢરપુર, 29- એપ્રિલ, દક્ષિણ ભારત, તિરૂપતિ બાલાજી, 15- મેં બદ્રીનાથ, કેદારનાથ, હરીદ્વાર, ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

**જોઈએ છે**
સુરતમાં નામાંકિત ફાઈનાન્સિયલ કંપની માટે તરત જોડાઈ શકે તેવા ઉત્સાહી અને ઈચ્છુક વ્યક્તિ, RS. 4,00,000 થી વધુ કમાવવાની અને કરિયર બનાવવાની સુર્વણ તક. 9714134950

**જોઈએ છે સ્ટાફ,**
ઈલેક્ટ્રીશ્યન/વાયરમેન, અનુભવી/ બિન અનુભવી. સુરત, બારડોલી, માંડવી, રાજકોટ, મોરબી, જુનાગઢ મોં 9913016827

**સ્ટાફ જોઈએ છે.**
ભાઈઓ/ બહેનો (1) સફાઈ કામ માટે (2) પરચુરણ કામ માટે (3) રીસેપ્શન માટે કોમ્પ્યુટર ચલાવી શકે તેવા સંપર્ક: 9428740240 (રહેવાની તથા જમવાની સગવડ મળી જશે)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.